# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-09-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1) રાજ્યમાં આગામી બીજી ઓક્ટોબરથી 17 નવાં તાલુકા અને વાવ થરાદ જિલ્લો અસ્તિત્વમાં આવશે.

2) નવરાત્રિ નિમિત્તે પાવાગઢ અને માતાના મઢ ખાતે શરૂ થયેલા મેળા માટે STની 120 વધારાની બસનું સંચાલન

3) સ્વચ્છતા હી સેવા પખવાડિયા અંતર્ગત રાજ્યભરમાં સફાઈ હાથ ધરાઈ – અમદાવાદમાં એક હજાર 877 મેટ્રીક ટનથી વધુ કચરાનો નિકાલ કરાયો.

4) 48 કલાક બાદ દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી

5) ડાંગમાં યોજાયેલી રાજ્યકક્ષાની વૉલિબૉલ સ્પર્ધામાં છોટાઉદેપુરની શાળાએ સુવર્ણ ચંદ્રક જીત્યો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# TALUKA NOTIFICATION GOVT

રાજ્ય સરકારે તમામ નવા 17 તાલુકા અને બનાસકાંઠા જિલ્લા વિભાજન અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. હવે આગામી બીજી ઑક્ટોબરથી નવા તાલુકા અને વાવ-થરાદ જિલ્લો અસ્તિત્વમાં આવશે.

વલસાડમાં પણ નાનાપોંઢાને તાલુકાનો દરજ્જો મળતાં સ્થાનિક લોકોએ બિરસા મુંડા વર્તુળ ખાતે ફટાકડા ફોડી ઉજવણી કરી. છેલ્લા 30 વર્ષથી આ વિસ્તારના લોકોને કપરાડા અને કુંભઘાટ જવું પડતું હતું. હવે નવી વ્યવસ્થાથી સ્થાનિક લોકોને દૂર સુધી કચેરીમાં જવું નહીં પડે.

. . . . . .

# FOREST SOIL HEALTH CARDD

વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ કહ્યું , રાજ્યમાં વનવિકાસ માટે “વન જમીન આરોગ્ય કાર્ડ” મહત્વની ભૂમિકા ભજવશે. ગાંધીનગર ખાતેથી રાજ્યમાં પહેલી વાર 28 પ્રદેશ વિભાગમાં “વન જમીન આરોગ્ય કાર્ડ ”નું વિમોચન કરતાં આજે શ્રી બેરાએ કહ્યું, કેન્દ્રીય પરિયોજના અંતર્ગત ગુજરાત, રાજસ્થાન તથા દાદરા અને નગરહવેલીમાં આ કાર્ડ આપવાની કામગીરી પૂર્ણ થઈ છે.

હાલ રાજ્યમાં 444 સ્થળ પરથી એક હજાર 215 વિવિધ માટીના નમૂનાનું પૃથક્કરણ કરાયું છે. તેના માધ્યમથી આગામી સમયમાં રાજ્યમાં વનોના વધુ વિકાસ માટે ઇચ્છીત પરિણામ મેળવી શકાશે તેવો શ્રી બેરાએ વિશ્વાસ વ્યક્ત કર્યો.

ઉલ્લેખનીય છે કે , વ્યાપક વિશ્લેષણના આધારે રાજ્યના 28 ભૂમિસંબંધિત વન વિભાગો માટે ફોરેસ્ટ સોઇલ હેલ્થ કાર્ડ તૈયાર કરવાની પહેલ થઈ છે.

. . . .

# NAVRATRI THIRD DAY

## હવે નવરાત્રિના સમાચાર

**(GARBA MUSIC)**

ભક્તિ અને આરાધનાના પાવન પર્વ નવલા નોરતાની ત્રીજ તિથિ નિમિત્તે આજે ત્રીજું નોરતું પુનઃ મનાવાશે. આજે માઁ દુર્ગાના ત્રીજા સ્વરૂપ ચંદ્રઘંટાની પૂજા-અર્ચના કરાય છે. રાજ્યભરના ધાર્મિક સ્થળો પર મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવી રહ્યા છે. તમામ જગ્યાએ ગરબે ઝૂમી ભક્તો માતાજીની આરાધાનામાં મગ્ન બન્યા છે.

દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદનાં નગરદેવી શ્રી ભદ્રકાળી મંદિરમાં દર્શન કર્યા.

. . . . . . . .

# NAVRATRI EXTRA BUS

નવરાત્રિ મેળા નિમિત્તે પાવાગઢ શક્તિપીઠ અને કચ્છમાં માતાના મઢ ખાતે શરૂ થયેલા મેળા માટે ગુજરાત રાજ્ય માર્ગ અને પરિવહન નિગમ- GSRTC દ્વારા 120 વધારાની બસનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે પાવાગઢના દર્શનાર્થીઓ માટે પાવાગઢથી માંચી સુધી દરરોજ 55 બસનું સંચાલન કરી સાત લાખ 50 હજાર જેટલા અને કચ્છના વિવિધ તાલુકામાંથી માતાના મઢ સુધી 65 વધારાની બસ દોડાવી 70 હજાર જેટલા દર્શનાર્થીઓ મેળાનો લાભ લઈ રહ્યા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવ્યું છે.

ગયા વર્ષે નવરાત્રિ દરમિયાન પાવાગઢ ખાતે આસો નવરાત્રિ મેળામાં 50 વધારાની બસનું સંચાલન કરી સાત લાખ અને માતાના મઢ ખાતે 60 વધારાની બસનું સંચાલન કરીને 63 હજાર દર્શનાર્થીએ મેળાનો લાભ લીધો હતો.

. . . . .

# NAVRATRI

નવરાત્રિ નિમિત્તે શક્તિપીઠ અંબાજી મંદિરના ચાચર ચોકમાં ભક્તો ગરબે ઝૂમી માતાજીની આરાધના કરી રહ્યાં છે. સાંભળીએ એક અહેવાલ

(બાઇટ - બનાસકાંઠા સવજી ચૌધરી)

જામનગરમાં આજે પણ ભક્તો મશાલ અને તલવાર રાસ રમીને સ્વસ્તિકની સાથે ત્રિશૂળ આકારે ગોઠવાઈ ગરબે ઝૂમતા જોવા મળે છે. 60 ખૈલેયાઓ ત્રણ સમૂહમાં વિવિધ કૃતિ રજૂ કરે છે. પરંપરાગત રાસને જોવા મોટી સંખ્યામાં લોકો આવી રહ્યાં છે. ગરબીના ખેલૈયા મયુરસિંહ જાડેજાએ પ્રતિભાવ આપ્યો.

(બાઇટ મયુર સિંહ જાડેજા)

પોરબંદર જિલ્લામાં પણ 250 જેટલી પારંપરિક ગરબીઓ આજે પણ યોજાય છે. તેમાં ભદ્રકાળી મંદિરની ગરબી , ઠક્કર પ્લોટ , શીતળા ચોક , સુતારવાડાની ગરબીમાં બાળાઓ ગરબે ઘુમે છે.

. . . . . . . . .

# PATAN VIBRANT SUMMIT

પાટણમાં ‘વાયબ્રન્ટ ગુજરાત, વાયબ્રન્ટ પાટણ’ પરિષદમાં રૂ.૪૩ કરોડના સમજૂતી કરાર થયાં.

વાઇબ્રન્ટ ગુજરાતપ્રાદેશિક પરિષદ – ઉત્તર ગુજરાત દ્વારા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે , પ્રભારી મંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ‘વાયબ્રન્ટ ગુજરાત, વાયબ્રન્ટ પાટણ’ પરિષદ યોજાઈ પરિષદ યોજાઈ હતી. જેમાં પાટણનાં ઉદ્યોગકારોએ રાજ્ય સરકાર સાથે ૪૩ કરોડ રૂપિયાના સમજૂતી કરાર કર્યા હતા. જેના કારણે ૫૦૦ થી વધુ વ્યક્તિઓને રોજગારી મળશે.

આ પ્રસંગે મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે , વાઇબ્રન્ટ સમિટના માધ્યમથી દુનિયાભરમાં ગુજરાત આજે વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે.

રાજ્યની કુલ નિકાસમાં ઉત્તર ગુજરાતની કુલ નિકાસ ૩.૩ અબજ ડોલર જ્યારે પાટણની નિકાસ ૨૨૯.૫૭ મિલિયન ડોલર છે. પાટણના પટોળાને જીવંત રાખી પ્રોત્સાહન આપવા લોકલ પ્રોડક્ટને ગ્લોબલ માર્કેટ આપવાનું કામ સરકાર કરી રહી છે.

. . . .

# SWACHHTA HI SEVA

સ્વચ્છતા હી સેવા પખવાડિયા હેઠળ રાજ્યભરમાં સફાઈ કામગીરી થઈ રહી છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદનાં નગરદેવી શ્રી ભદ્રકાળી માતાજીના દર્શન કરીને સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ શ્રમદાન કર્યું. 'સ્વચ્છતા હી સેવા ' અભિયાન અંતર્ગત અમદાવાદ શહેરમાં અત્યાર સુધીમાં એક હજાર 877 મેટ્રીક ટનથી વધુ કચરાનો નિકાલ કરાયો છે. શહેરના પાંચ હજાર 495 જેટલા માર્ગ અને ત્રણ હજારથી વધુ રહેણાંક વિસ્તારમાં સફાઈ ઝૂંબેશ હાથ ધરાઈ. અત્યાર સુધી શહેરના બે લાખથી વધુ નાગરિકોએ સ્વૈચ્છિક યોગદાન આપ્યું.

સાબરકાંઠાના પ્રાંતિજમાં 'એક દિવસ , એક કલાક , એક સાથે સ્વચ્છતા માટે શ્રમદાન' અંતર્ગત જિલ્લા પ્રભારી બળવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં શ્રમદાન કાર્યક્રમ યોજાયો.

નવસારીમાં ખડસુપા ગામ , ચીખલીના સમરોલી , જલાલપોરના વેસ્મા-સડોદરા , વાંસદાના ચોંઢા અને ખેરગામના બહેજ ગામમાં આજે "મહા શ્રમદાન દિવસ" મનાવાયો.

જામનગરમાં જોડિયાના બાલાચડી દરિયાકાંઠાએ 'સ્વચ્છતા અભિયાન ' હાથ ધરાયું.

પંચમહાલમાં હાલોલ તાલુકાના કણજરી ખાતે ગ્રામજનોએ સફાઈ કરી તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયાં.

ડાંગના આહવા , સુબીર અને સાપુતારામાં શ્રમદાન કાર્યક્રમ યોજાયા. આહવા એસ.ટી ડેપો વર્કશોપ ખાતે વૃક્ષારોપણ પણ કરાયું.

ગાંધીનગરમાં એક કાર્યક્રમમાં વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ કહ્યું , હાલમાં સેવા પખવાડિયું ઉજવાઈ રહ્યું છે , ત્યારે રાજ્યમાં મેદાન ધરાવતી 41 હજાર શાળામાં "એક પેડ માં કે નામ અભિયાન"ના બીજા તબક્કા હેઠળ 38 લાખ વૃક્ષ વાવવાનું આગામી સમયમાં પૂર્ણ કરાશે.

. . . .

# BOTAD GST

બોટાદ શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા GST માં થયેલ સુધારા અંગે જાગૃતતા લાવવા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા ભાજપ પ્રમુખ મયુર પટેલે જણાવ્યું હતું કે , જીએસટી દરોમાં થયેલ સુધારાથી સામાન્ય જનતાને માહિતગાર કરવી એ રેલીનો મુખ્ય હેતુ છે.

(બાઇટ મયુર પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ)

. . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# HAVAMAN AAGAHI

હવામાન ખાતાએ આગામી સાત દિવસ રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં 48 કલાક બાદ ગાજવીજ સાથે ભારે વરસાદ થવાની સંભાવના છે. દરમિયાન માછીમારો માટે કોઈ ચેતવણી જાહેર નથી કરવામાં આવી. જોકે, મોટાભાગના જિલ્લામાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. આ અંગે હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે વધુ માહિતી આપી.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

. . . . . .

# DANG GOLD MEDAL

ડાંગ જિલ્લામાં યોજાયેલી રાજ્યકક્ષાની વૉલિબૉલ સ્પર્ધામાં બહેનોની સ્પર્ધામાં છોટાઉદેપુરની પુનિટાવાંટની એકલવ્ય મૉડેલ રેસિડેન્શિઅલ સ્કૂલે સુવર્ણ ચંદ્રક જીતી પહેલો ક્રમાંક મેળવ્યો. તો ભાઈઓની ટીમે દ્વિતીય ક્રમાંક મેળવી છોટાઉદેપુરનું નામ રોશન કર્યું છે.

શાળાના આચાર્ય અને તાલીમ શિક્ષકના માર્ગદર્શન હેઠળ સિદ્ધિ મેળવનારા આ ખેલાડીઓ હવે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ અંગે ખેલાડીએ પ્રતિક્રિયા આપી.

(BYTE: PLAYER)

. . . .

# BHAVANS LAW COLLEGE

ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે આજે અમદાવાદ ભવન્સ મહાવિદ્યાલય ખાતે ભવન્સ કાયદા મહાવિદ્યાલયનું ઉદ્ઘાટન કર્યું. આ મહાવિદ્યાલય શ્રી સતિષભાઈ ડી. પટેલ કૉલેજ ઑફ લૉ તરીકે ઓળખાશે. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું, યુવાનો વિવિધ ક્ષેત્રમાં કૌશલ પ્રાપ્ત કરશે તો જ ચોક્કસ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર એમ ત્રણ સ્તરે વિકાસ કરી શકાશે.

. . . . .